October – December
2023

# વિદ્યાસેતુ

*A quarterly newsletter of Dr. K. R. Shroff Foundation*

## આ અંકમાં...


- બાળકોના શિક્ષણમાં ગિજુભાઈ બધેકાનું યોગદાન: ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય
  ડૉ.ટી.એસ.જોષી, ચેર પ્રોફેસર,
  ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

- સરકાર અને સંસ્થાના સંયુક્ત પ્રયાસોથી પ્રગતિના પંથે અગ્રેસર એક શાળા
- શ્રી પીયૂષભાઈ જોશી
- બી.આર.સી.કો.ઓર્ડીનેટર, ખેડબ્રહ્મા

- પ્રવૃત્તિ દર્પણ

- રજાની મજા - દિવાળી વેકેશન
  - વિન્ટર કેમ્પ
  - શિક્ષકોનું ક્ષમતાવર્ધન, ઉપચારાત્મક શિક્ષણ અને વાલીસંપર્ક
  - પ્રકૃતિ શિબિર
  - સ્ટુડન્ટ ડેવલપમેન્ટ એક્ટિવીટી

- એવોર્ડ
- ટેલીમેડિસિન
- ડૉ.કે.આર.શ્રોફ ફાઉન્ડેશન દ્વારા દક્ષિણ ગુજરાતમાં કાર્ય કરતી સંસ્થાઓની વિકાસયાત્રા
- ચતુર કરો વિચાર
- મારું મંતવ્ય




## બાળકોના શિક્ષણમાં ગિજુભાઈ બધેકાનું યોગદાન: ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય

**-ડૉ.ટી.એસ.જોષી, ચેર પ્રોફેસર, ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર**

ગાંધીજીએ શ્રદ્ધાંજલિ આપતા કહ્યું છે કે, 'ગિજુભાઈ વિશે લખનાર હું કોણ ? એમના ઉત્સાહ અને એમની શ્રદ્ધાએ મને હંમેશાં મુગ્ધ કર્યો હતો. એનું કામ ઊગી નીકળશે'. 'મૂછાળી મા' શ્રી ગિજુભાઈ બધેકામાં અને તેમના કામોમાં મુકેલી ગાંધી બાપુની શ્રદ્ધા ઊગી નીકળવાનો સમય હવે શરૂ થયો હોય તેમ જણાય છે. તેના બે મુખ્ય કારણો દેખાય છે; એમાં પહેલું કારણ જોઈએ તો ગિજુભાઈએ કરેલા બાળ કેળવણીના કાર્યોની શરૂઆતના લગભગ ૧૦૦ વર્ષ બાદ કેન્દ્ર સરકારે ૨૦૨૦માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અમલમાં મૂકી જેમાં ગિજુભાઈ બધેકાના વિચારો અને શિક્ષણ પદ્ધતિઓનું ચિંતન-મનન અપાયું હોય એવું જોઈ શકાય છે; જેમકે બાળકો માટે સ્વતંત્રતાના શિક્ષણ પર ભાર મુકાયો છે; શીખવવું નહીં પણ જાતે શીખવા પર ઝુકાવ અપાયો છે. અનુભવો સાથેના શિક્ષણ સહિત પ્રવૃત્તિ, ગીત, રમતો, રમકડાં, સાધનો, વાર્તાઓ વગેરેનું સંકલન; આ બધું જોતાં હવે સમય પાકી ગયો હોય એવું લાગે છે. કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ગિજુભાઈના વિચારોના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન માટે ગિજુભાઈ બધેકા ચેર અત્રે આપણાં રાજ્યની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે આપવામાં આવી છે તે બીજું કારણ જણાય છે.

શ્રી ગિજુભાઈ બધેકા દ્વારા લખેલ "બાળ શિક્ષણ મને સમજાયુ તેમ" પુસ્તકમાંથી કેટલાંક અંશો આપની સમક્ષ પ્રગટ કરી રહ્યા છીએ;

"જરા નિશાળની અંદર જઈએ અને જોઈએ.

કામ કરતાં થાકેલું બાળક આ બાજુએ શાંતિથી પડ્યું પડ્યું આરામ લે છે, પેલું બાળક તેણે ઘેર શું ખાધુંપીધું તેની હસતું હસતું વાત કરે છે. જો પેલું બાળક હીંચકા પર ટીંગાય છે. પેલું એક નાનકડું બાળક જાતજાતના રમકડાંથી રમવામાં મશગુલ છે. પણ આ રમકડાં બજારમાં મળતા હાથી ઘોડા કે બાવલાં જેવાં નથી. આ બાળક સામે તો જુઓ ? કાચ સામે જોઈને ક્યારના પોતાના વાળ સરખા ઓળે છે ! ફક્ત ત્રણ વરસનું જ છે. આ સાચું હશે કે સ્વપ્ન કે આટલાં નાનાં બાળકો પોતાની મેળે ચાળીસ પચાસ બાળકોનો નાસ્તો સાવધાનીથી પીરસી રહ્યાં છે, અને નીચે પડતો નાસ્તો મોઢામાં મૂકવાને બદલે ટોપલામાં નાખી દે છે? આ રહ્યાં બે ત્રણ બાળકો, ધીમે ધીમે ખખડાટ વિના ઊઘાડા પ્યાલા ઉપર રકાબી ઢાંકે છે. અહિં એકાગ્રતા છે, કામમાં રસ છે, સ્વચ્છતા અને શાંતિ છે, સ્નાયુ ઉપર કાબુ છે. આ એક એક નાનીશી મંડળી આટલી ઉંમરે સાથે મળી સહકારી કામ કરે છે.

જરા કલ્પના કરો અહીં બે બાળકો બેઠાં બેઠાં ચિત્ર કાઢે છે. ત્યાં એક બાળક બારીને સાફ કરે છે. પણ એક બાળક આસન સંકેલે છે. ને પેલું બાળક હાથ ધોઈ ટુવાલથી હાથ લૂછે છે.

અને આ ઓરડામાં ધૂપની ગંધ શી છે? અંદર કોણ હશે? પૂજાનો કે ધ્યાનનો ઓરડો છે? અરે, આ તો અહીં બાળકો બેઠેલાં છે; સ્વસ્થ ને શાંત! નિ:શબ્દ! આ ઝાંખા અજવાળામાં અગરબત્તીઓનું લાલ અજવાળું શોભા આપે છે. આટલાં બધાં બાળકો ઘોંઘાટિયાંને ગડબડિયાં હોય છે? માનવું પણ આકરૂં છે કે ચાળીશ પચાસની એ નાની મંડળી ધ્યાનમગ્ન હોય, ધ્યાન દ્વારા આનંદ અને આરામને શોધતી હોય.

પણ આ બધામાં શાળા કયાં છે? અહીં તો પતંગિયાં પાછળ છોકરાંઓ દોડે છે; તેમને કોઈ રોકતું નથી. અહીં કયારનું એક બાળક રેતીમાં કૂબા કરે છે; કોઈ તેને ભણાવતું નથી. અહીં તો ચાર બાળકો પેલા ખૂણામાં ખાડા ગાળી તેમાં મેથીને મગ વાવે છે, ને નાની ઝારી વડે પાણી પાય છે. અહીં શાળા કયાં છે? ને ભણતર ક્યાં છે? ને શિક્ષક મહાશય ક્યાં? એ તો એ રહ્યા પેલા. પેલા બાળકને પેન્સિલ છોલી આપે છે; પેલા શૌચ જઈ આવેલા બાળકને પાણી રેડે છે; પેલું બાળક દોડી આવીને નમસ્કાર કરે છે તેને સ્વીકારે છે; પેલા નવા ઘરના બાપા પેઠે બાળકને વાર્તા વાંચી સંભળાવે છે કે માતા પેઠે "કેમ છે? શું ખાધું હતું? શું પીધું હતું?" ના સમાચાર પૂછે છે. અહીં કયાંયે શિક્ષક નથી. અને એ જ પેલા ભાઈ કે બેન બાળકનું સર્વસ્વ છે. બાળકના વિકાસની તેને ફિકર છે. વિકાસનું શાસ્ત્ર તે સમજે છે. બાળકની જરૂરિયાત તે જાણે છે. અને જરૂરિયાત પ્રમાણે વાતાવરણ રચી ત્યાં બાળકને ફૂલઝાડ પેઠે ઉગવા, ખીલવા ને ફૂલવાફાલવા છૂટું મૂકી એક સહાયક બાગવાન તરીકે પાસે ઉભો છે.

સંદર્ભ : ગિજુભાઈ બધેકા, (૧૯૩૧). બાલશિક્ષણ મને સમજાયું તેમ, પાના નં. ૪૬ – ૪૭.